# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 17-02-2025** **Morning : 7.10 to 7.20**
**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1. **ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું , "આપત્તિના સમયમાં લોકોને બચાવવામાં વાયુસેના હંમેશા સૌથી આગળ હોય છે."**
2. **રાજ્યના આરોગ્ય વિભાગને દિલ્હીમાં યોજાયેલી સ્કોચ-100 સમિટમાં ગોલ્ડ કેટેગરીમાં 2 પુરસ્કાર એનાયત.**
3. **દેશના મુખ્ય રાજ્યોની સરખામણીમાં જાહેર ઋણ ઘટાડવામાં ગુજરાત પ્રથમ ક્રમાંકે.**
4. **સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનું આવતીકાલે પરિણામ , જુનાગઢ મહાનગરપાલિકામાં સરેરાશ 44.32 ટકા મતદાન નોંધાયું**
5. **વડોદરામાં રમાયેલી મહિલા ક્રિકેટ લીગમાં ગુજરાત જાયન્ટ્સે યુપી વોરિયર્ઝને છ વિકેટે પરાજય આપ્યો.**

-----------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# HARSH SANGHAVI GNR

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ વાયુસેનાની પ્રશંસા કરતા કહ્યું કે , "આપત્તિના સમયમાં લોકોને બચાવવામાં વાયુસેના સૌથી આગળ હોય છે. " ગાંધીનગરના નીલમ્બર સભાગૃહ ખાતે વાયુદળ મંડળ ગુજરાત શાખા દ્વારા યોજાયેલા આઠમા વાર્ષિક સ્મારક વ્યાખ્યાયનમાં શ્રી સંઘવીએ આ મુજબ જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું , "ગત 10 વર્ષમાં દેશભરમાં માઓવાદ અને નક્સલવાદ સામેની લડાઈમાં મહત્વની સફળતા મળી છે, જેના કારણે અનેક રાજ્યના વિકાસમાં વધારો થયો છે."

**(બાઈટ: હર્ષ સંઘવી, ગૃહ રાજ્યમંત્રી)**

આ કાર્યક્રમમાં ભારતીય વાયુસેનાના એકમાત્ર પરમવીર ચક્ર પુરસ્કાર વિજેતા ફ્લાઈંગ ઑફિસર નિર્મલજીત સિંહ સેખોન પીવીસીના બહાદુરી અને સર્વોચ્ચ બલિદાનને શ્રદ્ધાંજલિ આપવામાં આવી.

# GUJ HEALTH GOLD AWARD

રાજ્યના આરોગ્ય વિભાગને દિલ્હીમાં યોજાયેલી સ્કોચ-100 સમિટમાં ગોલ્ડ કેટેગરીમાં 2 પુરસ્કાર એનાયત થયા છે.

**સાંભળીએ એક અહેવાલ**

**વોઈસકાસ્ટ – અનિલ પટેલ**

<u>રાજ્યના આરોગ્ય વિભાગને સ્કૂલ હેલ્થ- રાષ્ટ્રીય બાળ સુરક્ષા કાર્યક્રમ એટલે કે, SH-RBSK હેલ્થ પ્લસ અંતર્ગત ડિજિટલ હેલ્થ કાર્ડ અને બ્રેકિંગ ધ સાઈલેન્સ</u>

શ્રેણીમાં કોકલિયર ઈમ્પ્લાન્ટ અને સ્પીચ થૅરાપી માટે ગોલ્ડ કેટેગરીમાં 2 પુરસ્કાર એનાયત થયા છે. આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે રાજ્યના આરોગ્યકર્મીઓને આ બંને પુરસ્કાર સમર્પિત કર્યા હતા.

ઉલ્લેખનીય છે કે, રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા વર્ષ 2023થી દર વર્ષે રાજ્યમાં અંદાજે 1 કરોડ 15 લાખ બાળકોના ડિજિટલ હેલ્થ કાર્ડ બનાવવામાં આવે છે. ઉપરાંત વર્ષ 2014થી અત્યાર સુધીમાં રાજ્યમાં 3 હજાર 260 જેટલા બાળકોની નિઃશુલ્ક કોકલિયર ઈમ્પ્લાન્ટ સર્જરી કરવામાં આવી છે.

**અનિલ પટેલ – આકાશવાણી સમાચાર, અમદાવાદ**

# GSDP GUJARAT

ગુજરાત રાજ્ય 21 મોટા રાજ્યની સરખામણીએ જાહેર દેવામાં ઘટાડા મામલે સમગ્ર દેશમાં પ્રથમ ક્રમાંકે રહ્યું છે. નેશનલ કાઉન્સીલ ઑફ એપ્લાઈડ ઈકૉનોમિક રિસર્ચ- NCAERના તાજેતરના અહેવાલમાં આ વિગત સામે આવી છે. અહેવાલ મુજબ, કુલ રાજ્ય ઘરેલું ઉત્પાદન- GSDP સામે 18.2 ટકાના જાહેર દેવા સાથે ગુજરાત મુખ્ય રાજ્યોમાં સૌથી ઓછું દેવું ધરાવતું રાજ્ય બન્યું છે.

અહેવાલ મુજબ, ગુજરાતે GSDP સામે જાહેર દેવાના ગુણોત્તરમાં ગત 10 વર્ષમાં 4.5 ટકા જેટલો ઘટાડો કર્યો. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સોશિયલ મીડિયા પર આ સિદ્ધિને મજબૂત નાણાંકીય વ્યવસ્થાપન અને રાજકોષીય દૂરદર્શિતાનો પુરાવો ગણાવ્યો હતો. અહેવાલ મુજબ, વર્ષ 2022-23 માં રાજ્યનો GSDP સામે જાહેર દેવાનો ગુણોત્તર 18.9 ટકા હતો, જે વર્ષ 2023-24માં ઘટીને 18.2 ટકા થયો છે.

# RUSHIKESH PATEL GNR

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું , "પોતાના વિચારો અને વાતની અભિવ્યક્તિ કરવા ક્યારેક અંગ્રેજી ભાષાનો ઉપયોગ કરવો તે અયોગ્ય નથી, પરંતુ આપણે માતૃભાષાનું ગૌરવ અને સન્માન પણ જાળવવું જોઈએ." ગુજરાત સાહિત્ય અકાદમી - ગાંધીનગર અને પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થાન અચલા એજ્યુકેશન ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા અમદાવાદમાં યોજાયેલા 'ભારતીય ભાષાઓમાં સાહિત્યનું શિક્ષણ અને સંશોધન રાષ્ટ્રીય પરિસંવાદ'માં શ્રી પટેલે આ મુજબ જણાવ્યું હતું.

(બાઈટઃ ઋષિકેશ પટેલ, આરોગ્યમંત્રી)

આ પ્રસંગે લોકસભાનાં પૂર્વ અધ્યક્ષ સુમિત્રા મહાજન પણ વિશેષ ઉપસ્થિત રહ્યાં હતાં.

# LOCAL BODIES ELECTIONS

રાજ્યમાં ગઈકાલે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે શાંતિપૂર્ણ માહોલમાં મતદાન પૂર્ણ થયું. રાજ્ય ચૂંટણી પંચના જણાવ્યા મુજબ , જુનાગઢ મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણી માટે સરેરાશ 44.32 ટકા , ઉપરાંત અમદાવાદના વૉર્ડ નંબર 7, ભાવનગરના વૉર્ડ નંબર 3 અને સુરતના વૉર્ડ નંબર 18 માટે સરેરાશ 31.72 ટકા મતદાન થયું.

જ્યારે 66 નગરપાલિકાની સામાન્ય ચૂંટણી માટે સરેરાશ 61.65 ટકા અને મોરબીની વાંકાનેર તેમજ બોટાદની બોટાદ નગરપાલિકાની પેટા-ચૂંટણી માટે સરેરાશ 35.23 ટકા મતદાન નોંધાયું. ઉપરાંત ખેડાની કપડવંજ અને કઠલાલ ,

તેમજ ગાંધીનગરની ગાંધીનગર તાલુકા પંચાયત માટે સરેરાશ 65.07 ટકા મતદાન થયું. આ સાથે જ 76 બેઠકની પેટા-ચૂંટણી માટે સરેરાશ 57.01 ટકા મતદાન નોંધાયું છે. હવે આવતીકાલે મંગળવારે મત ગણતરી હાથ ધરાશે.

# WOMEN'S PREMIER LEAGUE

મહિલા ક્રિકેટ લીગ – WPLમાં ગઈકાલે ગુજરાત જાયન્ટ્સે યુપી વોરિયર્ઝને છ વિકેટે પરાજય આપ્યો છે . ગઈકાલે વડોદરાના કોટામ્બી સ્ટેડિયમમાં રમાયેલી ટૂર્નામેન્ટની બીજી મેચમાં 144 રનનાં લક્ષ્યાંકનો પીછો કરતા ગુજરાત જાયન્ટ્સે 18 ઑવરમાં ચાર વિકેટ ગુમાવીને લક્ષ્યાંક પ્રાપ્ત કર્યો હતો.

સુકાની એશ્લી ગાર્ડનર 52 રન બનાવીને 'પ્લેયર ઓફ ધ મેચ' બન્યાં. જ્યારે દિએન્દ્ર ડોટીને 33 અને હરલીન દેઓલે 34 રનનું યોગદાન આપ્યું.

અગાઉ, ગુજરાત જાયન્ટ્સે ટોસ જીતીને બોલિંગ પસં  દ કરી હતી. યુપી વોરિયર્ઝે મર્યાદિત 20 ઑવરમાં 9 વિકેટે 143 રન કર્યા હતા. સુકાની દિપ્તી શર્માએ 39 રન કર્યાં હતાં. પ્રિયા મિશ્રાએ ત્રણ વિકેટ લીધી. આજે વડોદરામાં જ દિલ્હી કેપિટલનો સામનો રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ સામે થશે. મેચ સાંજે સાડા સાત કલાકે શરૂ થશે.

# SURAT DREEMCITY POLICE STATION

કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી . આર. પાટિલે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી ની ઉપસ્થિતિમાં ગઈકાલે સુરતમાં ડ્રીમસિટી પોલીસ મથકનું લોકાર્પણ કર્યું. આ

**મથકના કાર્યરત્ થવાથી ડાયમંડ બુર્સ સહિતના વિસ્તાર ની સલામતીમાં વધારો થશે. તેમ આ પ્રસંગે ઉપસ્થિત રહેલા રાજ્યસભા સાંસદ ગોવિંદ ધોળકિયા એ જણાવ્યું હતું.**

(બાઈટ - ગોવિંદ ધોળકિયા)

# CS VISIT PANCHMAHAL

**રાજ્યના મુખ્યસચિવ પંકજ જોષીએ ગઇકાલે પંચમહાલ જિલ્લામાં પાવાગઢ મંદીર, વન કવચ અને પ્રકૃતિ શિક્ષણ કેન્દ્રની મુલાકાત લીધી. દરમિયાન તેમણે પાવાગઢ નજીક આવેલા કથોલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની મુલાકાત લઈ આરોગ્યલક્ષી બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમનું નિરીક્ષણ કર્યું અને માહિતી મેળવી. શ્રી જોષીના હસ્તે ક્ષય રોગના દર્દીઓને નિ:ક્ષય પોષણ કીટનું વિતરણ કરાયું.**

# PANCHMAHAL- NEP

પંચમહાલમાં નવી શિક્ષણ નીતિ 2020ના ભાગરૂપે "10 દિવસ દફતર વિના" પહેલ હેઠળ વિદ્યાર્થીઓ માટે અનુભૂતિ-આધારિત શિક્ષણને પ્રોત્સાહિત કરવા આવી રહ્યું છે. તે અંતર્ગત જિલ્લાની બાહી કુમાર શાળા , દ્વારા બાળકોને તાલુકા પોલીસ મથક, તાલુકા સેવા સદન, અદાલત અને સરકારી ઔદ્યોગિક તાલીમ કેન્દ્ર શહેરાની મુલાકાત લેવડાવી આ સંસ્થાઓની કાર્યપદ્ધતિ અંગે માહિતગાર કરાયા હતા.

# GIR SOMNATH-DEMOLITION

ગીર સોમનાથ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં ગેરકાયદે દબાણ દૂર કરી અંદાજે 25 લાખ રૂપિયાની કિંમતની સરકારી જમીન ખૂલ્લી કરાવા ઈ છે. વેરાવળ ગ્રામ્ય મામલતદારની ટુકડી દ્વારા કરાયેલી કામગીરી અંતર્ગત ખેરાળી ગામના અલગ-અલગ ત્રણ સીમતળના રસ્તા પરના દબાણ પણ દૂર કરાયા હતા.

# SURAT BOAT COMPITITION

સુરતમાં હજીરાથી મગદલ્લા સુધી 21 કિલોમીટરની 44મી મહાજન સ્મારક સમુદ્ર હોડી સ્પર્ધા યોજાઈ. સઢવાળી હોડીઓ વચ્ચેની આ સ્પર્ધામાં 10 સ્પર્ધકોએ ભાગ લીધો. સ્પર્ધામાં પ્રથમ ક્રમાંકના સ્પર્ધકને 51 હજાર રૂપિયાનો રોકડ પુરસ્કાર એનાયત કરાયો. રાજ્યના યુવક, સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ દ્વારા આ સ્પર્ધાનું આયોજન કરાયું હતું.